જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/03/૨૦૧૮ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૧૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૪ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૮૧૧ લીટર દેશી દારૂ, ૧૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૬ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૦,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૧૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૧૬/૧૮**

**દરીયાપુરઃ** તેજશકુમાર શંકરભાઈ પટેલ (ઉ.વ.૨૯) (રહે. આવકારવીલા ન્યુ સીજી રોડ ચાંદખેડા) એ તા.૧૪/03/૧૮ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૧૬ નારોજ દરિયાપુર રૂપાપરીની પોળ પાછળ ફૂટી મસ્જીદ તેજસ હાર્ડવેર નામની પોતાની દુકાનેથી આરોપી મુકેશકુમાર પારસમલ જૈન (રહે. સેકટર-૩ ચૌટાન ચોરાહા સરકારી રેન બસેરા પાસે બાડમેર રાજસ્થાન) રૂપિયા ૩,૫૪,૦૮૫/- હાર્ડવેર સામાન લઈ જઈ આજદીન સુધી નાણા નહી આપી વિશ્વાતઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એન.બારીયા ચલાવે છે.

**શાહીબાગઃ** ચંદ્રશેખર જવાહરલાલ ચૌહાણ (રહે.ગોપાલજીની ચાલી ડફનાળા રોડ શાહીબાગ) એ તા.૧૪/03/૧૮ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૧૭ નારોજ આરોપી માર્કંડે વિશ્વનાથ દુબે (રહે. ગાંધીનગર સોસાયટી બાવળા તાલુકો-ધોળકા જીલ્લો-અમદાવાદ) એ ચંદ્રશેખર ચૌહાણને વિશ્વાસમા લઇ આર્મીમા નોકરી આપવાની લાલચ આપી ચંદ્રશેખર ચૌહાણ પાસેથી રૂપિયા ૨,૧૦,૦૦૦/-, તથા ચંદ્રશેખર ચૌહાણના બે સંબંધીઓ પાસેથી રૂપિયા ૪,૮૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૬,૯૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાતઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**કાગડાપીઠઃ** દશરથભાઇ મથુરભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે. વિજયનગર ફ્લેટ વેરાઇમાતાના મંદીરની પાસે નારણપુરા) એ તા.૧૪/૦૩/૧૮ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા-૨૫/૦૬/૨૦૧૬ થી તા.૨૫/૧૦/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર દુકાન કાના ક્રિએશન જે/૧૦૧ નંબર ઘંટાકર્ણ માર્કેટ પોતાની દુકાનેથી આરોપી તાનાજી રામચન્દ્ર પાટીલ (રહે.પોપટ ભુજબલ ચાલ સ્વસ્તીક બિલ્ડીંગની બાજુમાં સિધ્ધાર્થ કોલોની ચેમ્બુંર મુંબઇ)રેડીમેઈટ કાપડનો કાપડનો માલ કિમત રૂપિયા ૨૭,૪૨,૮૭૫/- લઈ જઈ આજદીન સુધી નાણા નહી આપી વિશ્વાતઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ડી.વી.ખરાડી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૭/૧૮</u>**

**નારોલઃ(૧)** વિક્રમભાઇ ભરતભાઇ ઠાકોર (ઉ.વ.૩૨) (રહે. ઉમંગ ફ્લેટ નારોલ કોર્ટની પાછળ નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૩/૧૮ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નારોલ હાઇફાઇ ચાર રસ્તાથી આગળ ઉમંગ ફ્લેટ નજીકથી વિક્રમભાઈના પિતા ભરતભાઈ ઠાકોર (ઉ.વ.૫૮) પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૨૭ બી.એન ૯૮૧૨ ના ચાલકે મોટર સાયકલ પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી ભરતભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ.આઇ.શેખ ચલાવે છે.

**(૨)** ગોપાલભાઇ અમ્રતભાઇ દંતાણી (ઉ.વ.૨૬) (રહે. જોગણીમાતાના મંદીર પાસે કોયલી તલાવડી નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૩/૧૮ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે નારોલ ગામના નાકા પાસે જાહેર શૌચાલયની સામે પેડલ રિક્ષાની પાછળ બાંધેલ કપડાના ઘોડીયામા ગોપાલભાઇના પુત્ર કરણ (ઉ.વ.૪) સુવડાવેલ ઘોડીયાનુ કપડુ ફાટી જતા નીચે પડી જતા તે વખતે નારોલથી અસલાલી તરફ જતા પાછળથી અજાણ્યા ફોર વ્હીલરના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ગોપાલભાઇના પુત્ર કરણ ઉપર ચઢાવી દેતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિંદ ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૮/૧૮</u>**

**નિકોલઃ** જ્યોતીબહેન તે મુકેશભાઇ પ્રભુદાસ કડીયાના વિધવા પત્ની (રહે. વિભાગ-૨ સ્વામીનારાયણનગર સોસાયટી નિકોલ રોડ ઉત્તમનગર વેરા પાસે નિકોલ) તા.૨૫/૦૨/૧૮ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સળગતા દીવાની ઝાળથી પહેરેલ કપડાને આગ લાગતા દાઝી ગતા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૩/૧૮ કલાક ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી એચ.ડી.વાઢેર ચલાવે છે.

**વાસણાઃ** પધ્માબહેન વા/ઓ ધિરેન્દ્રભાઇ હાથી (ઉ.વ.૮૫) (રહે. મૃદલ એપાર્ટમેન્ટ વાસણા બસ સ્ટેન્ડ પાછળ વાસણા) તા.૧૪/૦૩/૧૮ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દીવાબત્તી કરતા હતા ત્યારે દીવાની ઝાળ પહેરેલ કપડાને અડી જતા આગ લાગતા દાઝી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ કાનજીભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૧૯/૧૮**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** ભારતીબહેન રાજેન્દ્રભાઇ ખોપડે (ઉ.વ.૩૪) (રહે.સુભાષનગર જુના અચેર ગામ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૩/૧૮ સવારના ૧૧/૪૫ વાગ્યા પહેલા અચેર સ્મશાનગૃહની પાછળ નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.રબારી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.